# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૧૪/૮/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ફેસલેસ એસેસમેન્ટ સિસ્ટમથી પ્રામાણિક કરદાતાઓને રાહત, ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસને વધુ વેગ મળશે : દિનેશ નાવડિયા

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના કાર્યવાહક પ્રમુખ દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, આદરણીય પ્રધાનમંત્રી દ્વારા તા. ૧૩ ઓગષ્ટ, ૨૦૨૦ ના રોજ ઇન્કમ ટેકસ ક્ષેત્રે એસેસમેન્ટ વખતે જે ભ્રષ્ટાચાર થતો હતો એને નાબુદ કરવા માટે ફેસલેસ એસેસમેન્ટ સિસ્ટમને લોન્ચ કરવામાં આવી છે. આ સિસ્ટમ અંતર્ગત હવે ઇન્કમ ટેકસ એસેસમેન્ટ જે પહેલા સ્થાનિક અધિકારીઓ દ્વારા કરવામાં આવતું હતું તેની જગ્યાએ હવે ઓનલાઇન પ્રક્રિયા દ્વારા કોઇપણ ક્ષેત્રનો અધિકારી બીજા કોઇપણ ક્ષેત્રના એસેસીનું એસેસમેન્ટ કરી શકશે અને તે પણ ફેસલેસ. જેનાથી એસેસીનું સ્ટ્રેસ ઓછું થશે અને પ્રોસેસનો ઘણો સમય પણ બચી જશે. મુખ્યત્વે આ સિસ્ટમથી ભ્રષ્ટાચારની સંભાવનાઓ નહીવત થઇ જશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ જાહેરાત પહેલા ઇન્કમ ટેકસ એકટ અંતર્ગત સર્ચ કરવાની સત્તા સ્થાનિક કક્ષા ઉપર આઇ.ટી.ઓ. ઓફિસરને હતી, જે સર્ચ કરવાની સત્તા પરત ખેંચી લેવામાં આવી છે અને આ સત્તા હવે ડી.જી.આઇ.ટી.ને સોંપવામાં આવી છે. જેથી કરીને હવે પ્રામાણિક કરદાતાઓને હેરાનગતિથી છુટકારો મળશે. તેમણે વધુમાં કહયું કે આદરણીય પ્રધાનમંત્રીની ઉપરોકત જાહેરાતથી ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસને વધુ વેગ મળશે.